અપીલ અરજી નં.૨૫૨ તા.૮–૧૨–૦૮/૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રીગુલામભાઈ મેમણ ની તા.૩–૧૧–૦૮ ની અરજીથી રામપુરા લાલમીયા મસ્જિદની બાજુમાં, મહાદેવ પાર્ક એપા.ની બાજુમાં,લીયો કેબલની બાજુમાં ચાલતાં નવા બાંધકામ અંગે મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૮–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૫૨/૨૦૦૮–૦૯

## ***ફરીયાદની હકીકતઃ–***

શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૩–૧૧–૦૮ ની અરજીથી રામપુરા લાલમીયા મસ્જિદની બાજુમાં, મહાદેવ પાર્ક એપા.ની બાજુમાં, લીયો કેબલની બાજુમાં ચાલતાં નવા બાંધકામ અંગે મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સે.ઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.ન.૧૦૨૨ તા.૨૯–૧૧–૦૮ થી આપેલ માહિતીમાં મુદ્દા નં.૧ થી ૫ માં દર્શાવેલ ગેરકાયદેસર બાંધકામ કરનાર ઉપર ફકત નોટીસ પાઠવવામાં આવેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૮૬૫ તા.૧૬–૧૨–૦૮ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૧૧૨૬ તા.૨–૧–૦૯ થી પૂરક વિગતો અત્રેના વિભાગને મોકલી આપવામાં આવેલ છે. જે અનુસાર તેઓ કક્ષાએથી અરજદારે માંગેલ તમામ માહિતી પત્ર નં .સી.ઝેડ/આરટીઆઈ/૧૦૨૨ તા.૨૯–૧૧–૦૮ થી ૧ થી ૭ મુદ્દામાં અરજદારને પૂરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારે તેમની તા.૩–૧૧–૦૮ ની અરજીથી રામપુરા લાલમીયા મસ્જિદની બાજુમાં મહાદેવ પાર્ક એપા.ની બાજુમાં લીયો કેબલની બાજુમાં ચાલતાં નવા બાંધકામ બાબતે બાંધકામનો સર્વે નંબર, વોર્ડ નંબર, જગ્યા કોના નામે ચાલે છે? પ્લાન કયારે પાસ થયો? અને કયા અધિકારીએ પાસ કર્યો? આર્કીટેકના નામ, સરનામાં, ગેરકાયદેસર બાંધકામ કેટલું? તથા પાર્કીગની અને એલાઈમેન્ટની જગ્યા છોડી છે કે કેમ? વિગેરેની ૧ થી ૭ મુદ્દાની માહિતી માંગેલ જે જાહેર માહિતી અધિકારી ધ્વારા તેમના તા.૨૯–૧૧–૦૮ ના પત્રથી સમય મર્યાદામાં દફતરે ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડયાનું તેમણે અરજદારને પાઠવેલ પત્રથી જણાય છે.

અરજદારે અપીલ અરજીમાં મળેલ માહિતી પૈકી કઈ માહિતી બાબતે અસંતોષ છે તે અંગે કોઈ વ્યાજબી આધાર પુરાવા કે સમર્થન રજુ કરેલ નથી પરંતુ અપીલ અરજીમાં મૂળ અરજીથી અલાયદા માત્ર નોટીસ પાઠવી સંતોષ લેવામાં આવે છે. ગેરકાયદેસર બાંધકામ કરનારા કે આર્કીટેકટ ઉપર પગલા ભરી ગેરકાયદેસર બાંધકામ કેમ દુર કરવામાં આવતું નથી? તેવા પ્રશ્નો ઉપસ્થિત કરેલ છે. અરજદારને મૂળ અરજીથી અસંગત વિગતો કયા આધારભૂત સ્ત્રોતમાંથી ઉપલબ્ધ થયેલ છે તેની કોઈ વિગતો રજુ કરેલ નથી.

## ***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે મુળ અરજીથી માંગેલ ૧ થી ૭ મુદ્દાની માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા સમય મર્યાદામાં દફતરી હકીકત અનુસાર પૂરી પાડવામાં આવેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી તેથી અપીલ દફતરે કરવામાં આવે છે.

અપીલમાં ઉપસ્થિત કરેલ મૂળ અરજીથી અલગ મુદ્દાઓ બાબતે લાગત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદાર ઈચ્છુક હોય તો કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અલાયદી અરજી ધ્વારા માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)....જાણ તથા અમલ માટે
(૨)ગુલામભાઈ મેમણ,